ગાંધીનગર સમાચાર
તા. ૨૯-૧૦-૨૦૧૪, બુધવાર

તંત્રી સ્થાનેથી....

કાળાં નાણાં મુદ્દે કેંદ્રની કઠણાઇ : ખોદ્યો ડુંગર, કાઢ્યો ઉંદર

ગત લોકસભાની ચૂંટણી પૂર્વે એકાદ વરસથી વિદેશોમાં પડેલાં આ કાળાં નાણાં પાછાં લાવવાનો મનમોહક મુદ્દો હેતુપૂર્વક ઉછાળવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટે કડક રૂખ અપનાવ્યું હોઇ વર્તમાન સરકારને 'કાળાં નાણાં' પાછાં લાવવાના એના વચનની યાદ આવી છે. પરંતુ આ નાણાંમાં ખુદ ભાજપના નેતાઓ અને સમર્થક ઉદ્યોગગૃહો સામેલ હોવાની શક્યતા છે. મનમોહન સરકારે એની શાખ બચાવવા એ દિશામાં પ્રયાસો પણ શરૂ કર્યા હતા અને એમાં થોડી પ્રગતિ પણ સધાઇ હતી. પરંતુ પ્રજાએ આખો મુદ્દો સરકારની નબળી નસ ગણી લીધો અને રામદેવ બાબાએ તથા અણ્ણા હજારે જેવા લોકપ્રિય ધુરીણોએ એને બરાબર ચગાવ્યો. એમાં આમ આદમી પાર્ટીના કેજરીવાલ પણ ભળ્યા અને કિરણ બેદી પણ સામેલ થયા. આ તમામને ખબર હતી કે વિદેશોમાં પડેલું ભારતનું કાળું નાણું એટલી સહેલાઇથી મેળવવું શક્ય નહોતું. પરંતુ એમણે યુપીએ સરકાર વિરૂદ્ધ અમોઘ શસ્ત્ર તરીકે આ મુદ્દાનો ભરપૂર ઉપયોગ કર્યો. રામદેવ બાબાએ તો ત્યાં સુધી કહી દીધું કે જો વિદેશોમાં પડેલું અઢળક - લાખો કરોડો રૂપિયાની કિંમતનું કાળું નાણું પરત લાવી દેવાશે તો સરકારને પ્રજા પાસેથી અમુક વર્ષો સુધી કોઇ ટેક્સ વસૂલ કરવાની જ જરૂર નહીં રહે. પ્રજાને આ વાત ફળફળતા શીરાની જેમ ગળે ઊતરી ગઇ તે ત્યાં સુધી કે એણે માની જ લીધું કે આ કાળાં નાણાં ફક્ત કોંગ્રેસીઓનાં છે, એમણે સાઠ સાઠ વરસ સુધી દેશને બેફામ લૂંટ્યો છે અને લૂંટનો માલ વિદેશી બેંકોમાં મૂકી આવ્યા છે; જો એ પાછો લાવવો હોય તો માત્ર અને માત્ર છપ્પનની છાતી ધરાવતા અણિશુદ્ધ પ્રામાણિક નેતા - નામજોગ નરેન્દ્ર દામોદરદાસ મોદી જ લાવી શકે એમ છે. આ પ્રચાર ભાજપને અને મોદીને ફળ્યો તે સર્વવિદિત છે. પરંતુ ચૂંટણી પ્રચાર વખતે સો-દોઢસો દિવસોમાં જ કાળાં નાણાં પાછાં લાવી દેવાનું અપાયેલ વચન હવાઇ ગયું! આખરે કોર્ટ ચિત્રમાં આવી અને વિદેશી બેંક ખાતામાં કાળાં નાણાં ધરાવતા ભારતીયોનાં નામો જાહેર કરવાનું સરકાર પર દબાણ વધી ગયું ત્યારે વર્તમાન એનડીએ સરકારના નાણામંત્રી અરૂણ જેટલીએ અદ્દલ યુપીએ સરકારના તત્કાલીન નાણાં મંત્રી પી. ચિદંબરમ્‌ની જ ભાષામાં જવાબ આપવા માંડ્યા. એમણે પણ વિદેશી સરકારો સાથેના ગુપ્તતાના કરારનો હવાલો આપ્યો અને નામો જાહેર કરવાની અશક્તિ દર્શાવી. દોષનો ટોપલો કોંગ્રેસના માથે ઢોળવા માટે એમણે એટલું જરૂર કહ્યું કે આવી બાબતો ગોપનીય રાખવાના કરાર અગાઉની કોંગ્રસના શાસન દરમિયાન થયા હતા! (એ પછી વાજપેયીની એનડીએ સરકાર પણ આવી અને ચાલી ગઇ, પરંતુ કોઇએ કાળાં નાણાંનો મુદ્દો જ ન છેડ્યો કે છંછેડ્યો!) યુપીએ-૨ની સરકાર સામે કૌભાંડોની પરંપરા વચ્ચે જ કાળાં નાણાંનું ગતકડું રમતું મુકીને ભાજપે કોંગ્રેસની કમર તોડી નાખી. પરંતુ હવે એ જ મુદ્દો મોદી અને જેટલી માટે ગળાની ફાંસ બની ગયો છે. સરકારને વિદેશમાં 'કાળાં ખાતાં' ધરાવતાં ખાતેદારોની નામાવલી તો મળી ગઇ છે, પરંતુ એ પૈકી એ ગણતરીપૂર્વક એવાં જ નામો જાહેર કરી રહી છે, જેમની કોઇ લાંબી વગ નથી. પૂરક સોગંધનામું રજૂ કરીને જે વધુ આઠ નામ જાહેર કરાયા છે એ પૈકી ડાબર ઇન્ડિયાના પ્રમોટર પ્રદીપ બર્મન કહે છે કે એમણે વિદેશી બેંકમાં નિયમસર ખાતું ખોલાવેલ છે અને ખાતું ખોલાવ્યું ત્યારે તેઓ વિદેશવાસી ભારતીય હતા. રાજકોટના સોનાના વેપારી પંકજ લોઢિયાએ ભાજપને ભાજપને ચૂંટણી ફંડ આપેલું છે અને ગોવાની માઇનિંગ ટીંબલો પ્રા.લિ.નાં રાધા ટીમ્બલોએ બેઉ પાર્ટીઓને પાર્ટી ફંડ આપ્યું હોવાનું કબૂલ્યું છે. પંજાબના પૂર્વ મુખ્યમંત્રી અમરિંદરસિંહ સામે અરૂણ જેટલી આ વખતે અમૃતસરની બેઠક પર લોકસભાની ચૂંટણી હારી ગયા હતા. જેટલી અમરિંદરનાં પત્ની પરનીત કૌરના ખાતા સામે આંગળી ચીંધીને કોંગ્રેસને રક્ષણાત્મક સ્થિતિમાં મૂકી દેવા પ્રયાસરત છે. વિકીલીક્સ દ્વારા જારી કરાયેલી યાદીમાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી ઉપરાંત અહમદ પટેલ અને અશોક ગહલોતનાં અઢળક કાળાં નાણાંની વિગતો જાહેર થઇ છે, તો કેજરીવાલ મુકેશ અંબાણી અને કોકિલાબેન સામે આક્ષેપો કરી રહ્યા છે. જેટલીએ તોલી તોલીને ભાજપને અને ભાજપ તરફી ઉદ્યોગપતિઓને બચાવવવાનો વ્યૂહ અપનાવ્યો છે, ત્યારે દિગ્વિજયસિંહે 'તાકાત હોય તો સંપૂર્ણ યાદી જાહેર કરવા' પડકાર ફેંક્યો છે. સુપ્રીમ કોર્ટ પણ એમ જ ઇચ્છે છે. રામ જેઠમલાણી એ સરકારની આ નીતિનો વખોડી છે - તે જ શું સૂચક નથી?

જય અંબે પરિવાર આયોજિત સહસ્ત્રચંડી મહાયજ્ઞનો શુભારંભ

જલયાત્રાનું ઠેર ઠેર ભવ્ય સ્વાગત : જાણીતા ભજન સમ્રાટ હેમંત ચૌહાણની ભજન સંધ્યામાં માનવ મહેરામણ ઉમટ્યો

ગાંધીનગર, તા. ૨૮

શ્રી જય અંબે પરિવાર ગાંધીનગર દ્વારા રજત જયંતી મહોત્સવના આજના ત્રીજા દિવસે સવારે સેક્ટર-૧૩ ના રિંગરોડ ઉપર વિરાટ જલયાત્રા નીકળી. જેમાં ૧૦૧ દીકીઓના શીરે શોભાયમાન જવેરા, ૧૦૧ બહેનોના શીરે મંત્રલેખન પોથી આરૂઢ કરી હતી. જલયાત્રામાં સુશોભિત હાથી, કાષ્ટ કચ્છી ઘોડી, રાસમંડળી, ઢોલ શહેનાઈ, વાજા બેન્ડ, બગી, ડીજે, પોપટ અને મિકી માઉસવાળા ફુગ્ગામેન, બામ્બુમેન, તોપગાડી, માતાજીની ધર્મધજા અને રથ સાથે હજારો ધર્મપ્રેમીઓએ ભાગ લીધો. મંગલ પ્રભાતે જલયાત્રાના યજમાન તૃપ્તિબેન અમીન દ્વારા જલયાત્રાનો શુભારંભ કરાવવામાં આવ્યો હતો. લિંબચ માતાજીના મંદિરના અગ્રણીઓ તથા સેક્ટર-૧૩ ના વસાહતીઓ દ્વારા જલયાત્રાનું ઠેરઠેર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. સમગ્ર જલયાત્રાના ખુબજ સુંદર અને સફળ આયોજનમાં પ્રદીપસિંહ બિહોલા, જયેન્દ્રભાઈ, નવીન પટેલ તેમજ તેમની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

પરિવારના મહામંત્રી અને ધર્મધજાના યજમાન વિષ્ણુભાઈ પટેલના હસ્તે ધર્મધજાનું આરોહણ કરી પંચ દિવસીય અગિયાર કુંડી સહસ્ત્રચંડી મહાયાગનો પ્રાચીન સંસ્કૃતિને અનુરૂપ તૈયાર થયેલ યજ્ઞશાળામાં શુભારંભ કરવામાં આવ્યો.

ગત તા. ૨૭ની રાત્રે સુરીલા સ્વર સાધક અને માંઈ ગરબા માટે વિખ્યાત શ્રી હેમંત ચૌહાણે માના ગુણગાન સભર ભજન-ગરબીની રમઝટ બોલાવી હતી તથા ઘનશ્યામભાઈ ગઢવીએ લોકોને હાસ્યરસથી તરબોળ કર્યા હતા.

વધુમાં સહસ્ત્રચંડી મહાયાગના બીજા દિવસે, તા. ૨૯-૧૦-૧૪ ના રોજની રાત્રે આદરણીય ભિખુભાઈ ગઢવી (જૂનાગઢવાળા) ના ડાયરામાં પધારવા શ્રી જય અંબે પરિવારનું જાહેર નિમંત્રણ છે.

હરિની દૃષ્ટિ...

અનુસૂચિત જાતિના યુવક-યુવતિઓ માટે ખડક ચઢાણ બેઝીક કોર્સનું આયોજન

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત રાજ્ય સરકારના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ દ્વારા રાજ્યના અનુસૂચિત જાતિના ૧૪ થી ૩૫ વર્ષની વય મર્યાદા ધરાવતા યુવક યુવતિઓને દર દિવસ માટે ખડક ચઢાણ બેઝીક કોર્સની તાલીમ રાજસ્થાનના માઉન્ટ આબુ ખાતે આગામી નવેમ્બર માસમાં યોજાનાર છે. આ તાલીમમાં ભાગ લેવા ઈચ્છુક અનુસૂચિત જાતિના ઉમેદવારોને તા. ૭મી નવેમ્બર સુધીમાં જિલ્લા રમત-ગમત અધિકારી, શિવશક્તિ બિલ્ડીંગ, જિલ્લા પંચાયત સામે, પાલનપુરના સરનામે અરજી મોકલી આપવાની રહેશે. આ અરજીમાં ઉમેદવારે પોતાનું પુરૂ નામ, સરનામુ, જન્મ તારીખ, શારિરીક તંદુરસ્તીનું સર્ટિફીકેટ, અગાઉ આ પ્રકારના કાર્યક્રમમાં ભાગ લીધો હોય તો તેની વિગત, અનુસૂચિત જાતિનું પ્રમાણપત્ર, વાલીની સંમતિ, શૈક્ષણિક લાયકાત અને વ્યવસાયની વિગતો તાજેતરના પાસપોર્ટ સાઈઝના ફોટા અને જરૂરી પુરાવા સાથે દર્શાવવાની છે. આ તાલીમ માટે માત્ર ૧૦૦ ઉમેદવારોની પસંદગી થશે અને તેમને પત્ર દ્વારા જાણ કરાશે.

જીપીએસસીના ઉમેદવારોએ ન્યાય મેળવવા મુખ્યમંત્રીના દરવાજા ખટખટાવ્યા

જીપીએસસીની પ્રારંભીક પરીક્ષામાં યુપીએસસીની જેમ કુલ સીટના છ ગણાને બદલે બમણાં ઉમેદવારોને પાસ કરવા લેખિતમાં રજુઆત કરાઈ

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા આઠ વર્ષ જેટલા લાંબા સમય પછી ગુજરાતમાં ખાલી પડેલ વર્ગ-૧ અને વર્ગ-૨ની વિવિધ જગ્યાઓ ભરવા માટે તાજેતરમાં સંયુક્ત પ્રાથમિક પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં કુલ સીટોના છ ગણા ઉમેદવારો પાસ કરવાનું નક્કી કર્યું છે. ત્યારે જી.પી.એસ.સી.ની પ્રારંભિક પરીક્ષા આપનાર ઉમેદવારોએ હાલ યુ.પી.એસ.સી.ની જેમ જ જી.પી.એસ.સી.ની પરીક્ષામાં પણ ૧૨ થી ૩૫ ગણા ઉમેદવારોને પાસ કરવામાં આવે તેવી રાજ્યના મુખ્યમંત્રી આનંદીબેન પટેલને પત્ર લખી વિદ્યાર્થીઓએ રજૂઆત કરી છે.

મળતી માહિતી અનુસાર ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા વર્ષ ૨૦૦૬ બાદ ૨૦૧૪ માં રાજ્યની વિવિધ કચેરીઓમાં ખાલી પડેલ વર્ગ-૧ અને ૨ ની જગ્યાઓને ભરવા જાહેરાત બાહર પાડવામાં આવી હતી. જેની પ્રારંભિક પરીક્ષા ગત-૧૨મી ઓક્ટોબરના ૨૦૧૪ના રોજ લેવામાં આવી હતી. જેમાં રાજ્યભરમાંથી અંદાજે ૪ લાખ ઉમેદવારો પરીક્ષા આપવા બેઠા હતા.

પ્રારંભિક પરીક્ષા બાદ આયોગ દ્વારા કુલ જગ્યાના ૬ ગણા ઉમેદવારોને ઉત્તીર્ણ કરવાનું નક્કી કર્યું છે. પરિણામે પરીક્ષા આપતા ઉમેદવારો હાલ આ નિર્ણય સામે ચિંતિત બન્યા છે અને કેન્દ્ર સરકાર દ્વારા લેવાતી યુ.પી.એસ.સી.ની તમામ પ્રારંભિક પરીક્ષામાં ભરવાપાત્ર કુલ જગ્યાઓના ઓછામાં ઓછા ૧૨ થી ૧૫ ગણા ઉમેદવારોને મુખ્ય પરીક્ષા માટે પાસ કરવામાં આવે છે. ત્યારે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા આવો નિર્ણય કેમ લેવામાં આવ્યો છે તે ઉમેદવારોને સમજાતુ નથી. આ સંદર્ભે વિદ્યાર્થીઓ અનેક પ્રકાર અનેક માધ્યમો મારફતે સરકાર અને આયોગના કાને આ વાત પહોંચાડવાનો પ્રયત્ન કર્યો છે, પરંતુ બેરી સરકારના કાને હજુ આ વાત પહોંચી નથી. આથી ગુજરાતના યુવાઓનું સ્વપ્ન ન રોળાય માટે ઉમેદવારોએ રાજ્યના મુખ્યમંત્રી આનંદીબેન પટેલને પત્ર લખી ૧૨ થી ૧૫ ગણા ઉમેદવારોને મુખ્ય પરીક્ષા માટે ઉત્તીર્ણ કરવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી છે.

ગુણોત્સવ દરમિયાન તમામ માહિતી પુરી પડાશે

શિક્ષણ વિભાગ દ્વારા દરેક શાળાનું નિરિક્ષણ પણ થશે

૧૦મી નવેમ્બર બાદથી સ્કુલો ખુલશે

અમદાવાદ, તા.૨૮

રાજ્યમાં ૧૦ નવેમ્બરથી શાળા-કોલેજોમાં દિવાળીના વેકેશન બાદ રાબેતા મુજબ કાર્યરત થશે ત્યારે ખુલતા શિક્ષણ કાર્યની શરૂઆત થતાની સાથે જ દરેક શાળાઓએ ગુણોત્સવની તૈયારીમાં લાગી જવું પડશે. રાજ્યની તમામ શાળાઓને નગર પ્રાથમિક શિક્ષણ સમિતી દ્વારા ગુણોત્સવની તૈયારી કરવાની સૂચના આપી દેવામાં આવી છે ત્યારે હવે શાળાઓ ખુલતા જ સરકાર દ્વારા દરેક શાળાનું એનાલીસીસ કરવામાં આવશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજ્યની દરેક પ્રાથમિક સરકારી શાળાઓને વર્ષ ૨૦૧૧થી સરકાર દ્વારા ગ્રેડેશન આપવામાં આવશે. ગ્રેડેનેશનમાં ૮૦ ટકા શૈક્ષણિક અને ૨૦ ટકા ભૌતિક સુવિધાઓની ગણતરી કરવામાં આવે છે. શિક્ષણ પાછળ કરોડો રૂપિયા સરકાર દ્વારા ખર્ચાતા હોવાથી શિક્ષણના સ્તરમાં સુધારો થાય તે જોવા ઉપરાંત કેવા પ્રકારનું શિક્ષણ અપાય છે તેની ચકાસણી માટે ગુણોત્સવ યોજવામાં આવે છે. ગુણોત્સવ દરમિયાન શિક્ષકોની નોંધપોથી, કોમ્પ્યુટર, શૈક્ષણિક પ્રવાસ, લાયબ્રેરી વગેરેની માહિતી આપવાની રહે છે. ઉપરાંત શાળામાં સ્વચ્છતા અને સેનિટેશનની વ્યવસ્થા ચકાસણી કરવામાં આવશે.બાળકોનું વાંચન, લેખન અને ગુણ ઉપરાંત ધોરણ-૬ થી ધોરણ-૮ના બાળકોને ઓબ્જેક્ટીવ પ્રશ્નોત્તરી કરવામાં આવશે. ગત વર્ષના ગુણોત્સવના પરિણામ બાદ શિક્ષણ સમિતીની ડી ગ્રેડની શાળાને અપગ્રેડ કરવા માટે એક ટીમ બનાવવામાં આવી હતી. જેના ડી ગ્રેડની શાળાઓ ઉપરાંત ખાસ ધ્યાન આપવાની તાકીદ કરવામાં આવી હતી. ડી ગ્રેડની તમામ શાળાઓને અપગ્રેડ કરવા માટેની તૈયારી ઉપર ભાર મુકવા માટે દરેક સરકારી પ્રાથમિક શાળાઓ ને જણાવવામાં આવ્યું છે.

ગઢવી સમાજની ડિરેક્ટરી બહાર પડશે

ગાંધીનગર, તા.૨૮

અખિલ ગુજરાત ચારણ ગઢવી સમાજ ગાંધીનગર આગામી સમયમાં સ્નેહમિલન કાર્યક્રમ યોજશે. સરકારમાં નિવૃત્ત થયેલા, બઢતી પામેલા, નવી નિમણુંક પામેલા, વિશિષ્ટ સેવાથી સન્માનિત થયેલા તેમજ સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓની માર્કશીટ સાથે વિગતો મંગાવવામાં આવી છે. જ્ઞાતિજનોની નવી ડિરેક્ટરી માટે સંપૂર્ણ વિગતો તા. ૧ નવેમ્બર સુધી અજીતદાન ગઢવી-૯૮૨૪૪ ૩૬૮૬૪, મહેશદાન ૨૯૧૩-૯૭૨૩૫ ૩૦૫૫૭, નરહરદાન બાટી-૯૪૨૮૪૦૪૬૪૬ તેમજ દિપકભાઈ વણસુર-૯૮૭૯૧ ૪૨૩૨૧ને મોકલવા સમાજના મહામંત્રીએ જણાવ્યું છે.

અખંડ ભારતના શિલ્પિ સરદાર પટેલની ૧૪૦મી જન્મ જયંતિની ઉજવણી કરાશે

૩૧મી ઓક્ટોબરે વિધાનસભા સંકુલમાં આવેલી પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરાશે

ગાંધીનગર, તા. ૨૮

૩૧મી ઓક્ટોબર દેશના પ્રથમ નાયબ વડાપ્રધાન અને દેશના લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિ. ગુજરાતના પનોતા પુત્રની ૧૪૦મી જન્મ જયંતિની ગાંધીનગર સરદાર પટેલ જન્મજયંતિ સમિતિ પુષ્પાંજલિ અર્પણ કરી મનાવશે.

ખેડાના નાનકડા ગામમાં જન્મેલા ખંતીલા સરદાર પટેલની તા. ૩૧મી ઓક્ટોબરના રોજ ૧૪૦મી જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવશે. વિધાનસભાના પટાંગણમાં આવેલ સરદાર સાહેબના બાવલાને સવારે ૮.૧૫ કલાકે પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવશે.

રાજ્યના ખેડાના નાનકડા ગામમાં જન્મેલા અને ગરીબ પરિવારમાં ઉછરેલા સરદાર પટેલ વિદેશમાં જઈને વકીલાતનો અભ્યાસ કર્યો હતો. ત્રણ વર્ષનો અભ્યાસ અઢી વર્ષમાં પૂર્ણ કરી સ્વદેશ પરત ફરીને સરદાર સાહેબે વકીલાત શરૂ કરી હતી. ત્યારબાદ પૂજ્ય ગાંધીબાપુથી પ્રેરાઈને આઝાદીની ચળવળમાં જોડાયા હતા અને દેશના પ્રથમ નાયબ વડાપ્રધાન બન્યા હતા. તેવા ગુજરાતના ખમીરવંતા અને અખંડ ભારતના શિલ્પિ સરદાર વલ્લભભાઈ પટેલ ૧૪૦મી જન્મ જયંતિની ગાંધીનગર સરદાર પટેલ જન્મજયંતિ સમિતિ ઉજવણી કરશે. ઉજવણીમાં નગરજનોને ઉપસ્થિત રહેવા સમિતિના કન્વીનર વિક્રમ પટેલે જણાવ્યું હતું.

કચરો બન્યો 'હીરો' અને હીરો કાટે કચરો!

વિચારોના મધુવનમાં

પ્રા. ડો. રાકેશ પટેલ

આમિરખાનને પત્રકારે પુછ્યું : 'તમારી દૃષ્ટિએ આ સ્વચ્છતા અભિયાન કેવું લાગે છે.' આમિરખાને ફટાક દેતા કહ્યું કે 'આ ખુબસૂરત ખ્યાલ છે.' બોલો આમાં પણ આમિરખાનને ખૂબસૂરતી લાગવા લાગી. પત્રકારનો બીજો સવાલ હતો : 'તમે છેલ્લે ક્યારે હાથમાં ઝાડું પકડ્યું હતું?' બિચારો આમિર થોથવાઇ પડ્યો. પછી ડાહ્યા થઇને કહ્યું : 'હા... હું... પણ સફાઇ કરું છું, મારા ઘરમાં છેલ્લે અઠવાડિયે જ સફાઇ કરી હતી. મારી ઓફિસમાં પણ અમે 'વેસ્ટ ફ્રી' રીતે કચરાનો નિકાલ કરીએ છીએ.'

સમય સમયની વાત છે, હીરો ફિલ્મો સિવાય કોઇ વાત કરે ખરા? એકલા હાથે દસ-બાર દુશ્મનોને ધીબી નાખતા આ હીરો આજે ઝાડુથી જાણે દેશના મહાદુશ્મનને ખોખરો કરી રહ્યા છે. વેલ ડન હીરોજી! ક્રિકેટર સચિન આમ તો વર્ષો સુધી બોલને ફટકારી - ફટકારી થાક્યો. હવે એને પણ થયું કે ખરો પ્રહાર તો આ કચરા ઉપર કરવા જેવો છે. ધનવાન એવા અનિલ અંબાણી હોય કે ખેંરખા રાજકારણી શશી થરૂર - બધા મહાનુભાવો પણ હાથમાં ઝાડુ લઇને પોતાનો દેશપ્રેમ વક્ત કરી રહ્યા છે. વળી આગળ બીજા મિત્રોને આ કોલ આપવાનો. (આપણી ભાષામાં ખો આપવાની, લાગે છે મોદી સાહેબ ખો-ખો ની રમતમાં બડા અચ્છા ખેલાડી હશે.)

આ સ્વચ્છતા અભિયાન હકીકતે તો આપણી મનોજગતની ગંદકી દૂર કરવાનું નિમિત્ત બને તો એક સાઓથે અનેક દુશ્મનોનો ખાત્મો બોલી જાય. ભીખ માંગતું બાળક, રોજગારી માગતો યુવાન અને ચોખ્ખાઇ માંગતો દેશ આપણને સૌને આહ્‌વાન કરે છે કે : 'હે નરબંકાઓ! આવી જાવ દેશની સમસ્યાઓના રણમેદાનમાં તમને તમારી જન્મભૂમિના સોગંધ છે, જો આવનારી પેઢીને આપણે સુંદર દેશ આપવો હશે તો આજનો સમય વાવવો પડશે. સમસ્યાઓની આગને હોલવવા માટે ચકલીને ચાંચમાં પાણી લઇ જવું પડશે, હાથીએ સુંઢમાં અને માણસે વિજ્ઞાનની પાંખમાં પાણી લઇ જવું પડશે.' સમસ્યાઓ મોઢું ખોલીને આપણને બોલાવતી હોય છે. આવો અને અમારી સાથે લડી લો અને અમને હરાવો તો ખરો.

ગુજરાતના એક ગુરૂકુળે પણ સ્વચ્છતાનો કોલ સાંભળીને વિદ્યાર્થીઓને નવો માર્ગ ચીંધ્યો. તેઓ કહે છે. 'દરેક વ્યક્તિના જીવનમાં સ્વચ્છતા એ એક મહત્ત્વનું પાસું બની રહ્યું છે. પછી એ આધ્યાત્મિક જીવન હોય કે વ્યવહાર માર્ગ હોય પરંતુ સ્વચ્છતા એ પ્રાથમિક બાબત છે. આધ્યાત્મિક જીવનમાં આંતરિક સ્વચ્છતાની જરૂર છે તો વ્યવહાર માર્ગે બાહ્યિક સ્વચ્છતાની જરૂર છે. પરંતુ સ્વચ્છતાની જરૂરિયાત તો છે છે ને છે જ, એ તો વાસ્તવિક છે. બાળકોના જીવનમાં નાનપણથી જ સ્વચ્છતાનું મૂલ્ય સમજાય તથાં ''સ્વચ્છતા ત્યાં જ પ્રભુતા'' આવા કોઇક ઉચ્ચ આદર્શો જીવનમાં દૃઢ થાય તે માટે દર બે મહિને ગુરુકુળના બાળકો દ્વારા સ્વચ્છતા અભિયાન ઊજવવામાં આવે છે. ખરેખર આ સ્વચ્છતા અભિયાનમાં જોડાયેલાં સૌ બાળકોનો ઉત્સાહ, ઉમંગ, ખંત અને સેવા ભાવનાના દૃશ્યો નિહાળવા જેવા છે. બારી, બારણા, પંખા, લાઇટ, ખુરશી ટેબલ, સંડાસ, બાથરૂમની સ્વચ્છતા જેવી નીચામાં નીચી ટેલની સેવા કરતા ગુરુકુળના બાળકો ખચકાતા નથી. બાળકોના જીવનમાં નાનપણથી જ એવા પાઠ ભણાવવામાં આવે છે કે આ બાળક જયારે ગુરુકુળના વાતાવરણથી બહાર જાય તો પણ એનું જીવન કાંઇક જુદું જ તરી આવે છે.'

સ્વચ્છતાતો દીવડો સદીઓથી આપણે હોલવીને બેઠા છીએ. રોગોને પણ આપણા કહેવામાં જાણે આનંદ અનુભવીએ છીએ. પરિણામ કોઇ એક વ્યક્તિ કે સમુહને ભોગવવા પડે છે અને કારણોમાં ઘણા લોકો હોઇ શકે કોઇને ન કહી શકે તે કેવું? બાળકને બાલિશતા શોભે, વૃદ્ધને ચિંતા થાય પણ યુવાગીરીને તો સમસ્યાવિમોચન શોભે. સ્વચ્છતા અભિયાન એ દેશની સંસ્કૃતિને બિલકુલ શોભતું નથી. એક બાજુ દિવસમાં રસ્તાની એકબાજુ ભીખ માગતું બાળખ જોઇને આપણે મોઢું ફેરવી લેતા હોઇએ પણ તેનાથી આપણી સમસ્યાઓ કંઇ બદલાઇ જતી નથી. તે વિશે ચર્ચા અને ઉકેલ લાવવા હાથમાં ઝાડું લેવાની તૈયારી રાખવી પડે.

કોંગ્રેસી મિત્રોને ન ગમે તેવા સમાચાર આજકાલ છાપાવાળા બહુ છાપ-છાપ કરે છે જેમ કે 'વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સફાઇ અભિયાનની પ્રશંસા કરવા બદલ પાર્ટીના પ્રવક્તા પદેથી દૂર કરાયેલાં કોંગ્રેસના સાંસદ શશી થરૂરે શનિવારે પોતાના સંસદીય વિસ્તારમાં 'સફાઇ અભિયાન'નું નેતૃત્વ કર્યું હતું. તેમને કહ્યું કે, 'મોદીએ દેશનું ધ્યાન સફાઇ તરફ ખેંચ્યું છે, આ સારી વાત છે, પરંતુ, આ રાષ્ટ્ર માટે પ્રતિબદ્ધતા છે, કોઇ પાર્ટી માટે નહીં. શશી થરૂરે પોતાના સંસદીય વિસ્તારમાં વિઝિંજમ બંદર પાસે એક જગ્યામાં કચરો હટાવ્યો હતો. વડાપ્રધાન મોદીના 'સ્વચ્છ ભારત અભિયાન' માં પોતાની ભાગીદારીનો બચાવ કરતાં તેમણે કહ્યું કે, આ મામલે કોઇ પાર્ટીનો વિશેષાધિકાર નથી. આપણી આસપાસના વિસ્તારને સ્વચ્છ કરવાનો સંદેશ મહાત્મા ગાંધીજીએ આપ્યો હતો. મહાત્મા ગાંધીજી માનતા હતા કે, સ્વચ્છતા સ્વતંત્રતાથી વધારે મહત્ત્વપૂર્ણ છે. કેરળની રાજધાનીમાંથી બીજી વાર સાંસદ તરીકે ચૂંટાયેલા શશી થરૂરે કહ્યું કે, એસઆઇસીસીએ પોતાના કાર્યકરોને અપીલ કરી છે કે, તેઓ ગાંધી જયંતિના દિવસથી પ્રારંભ કરવામાં આવેલા એક મહિના લાંબા સફાઇ અભિયાનમાં જોડાય.

એક ભાઇને સહૃદયી બની અનુભવીઓના બ્લોગમાં આ રીતે વર્ણવી છે. 'આજ કાલ સ્વચ્છતા અભિયાન જોરમાં ચાલી રહ્યું છે! ટેલીવિઝન, રેડિયો, સરકારી કર્મચારીઓ અને વિવિધ આમ આદમીઓ જોર જોરમાં પ્રતિજ્ઞા લઇ રહ્યાં છીએ!! કેટલાક નાટકો કરી રહ્યાં છે!! ગઇ કાલે મેં રેડીઓ પણ સાંભળ્યું! એક જણે રેડિયો પર ફોન કર્યો અને કીધું કે અમે સ્વચ્છતા અભિયાન નિમિત્તે કાલે ફ્લેટના બધા ભેગા થઇશું અને સોસાયટીની સફાઇ કરીશું!! ત્યારે RJ એ મસ્ત તમાચો માર્યો એટલે જવાબ આપ્યો કે, ''સફાઇ કાર્ય પછી શું? આપની સમસ્યા આપને જે કચરો ફેંકીએ છીએ એ છે, બાકી આ સાફ સફાઇ તો મોટા પાયે હંમેશા ચાલું જ છે! તો વચન લો કે આજ પછી કચરો ક્યારેય બહાર નહિં ફેંકા!''

બસ અને મને લગભગ ૮-૯ વર્ષ પહેલાં બનેલી એક ઘટના યાદ આવી!!

૮-૯ વર્ષ પહેલાં હું દક્ષિણ ભારત ફરવા ગયો હતો! ત્યારે તો હું ૯-૧૦ વર્ષનો હતો એટલે બહું યાદ નથી એ નાની ઘટના મને સાફ યાદ છે!!

એ કોઇ અભયારણ્ય હતું એમાં વચ્ચે તળાવમાં બોટમાં ફરવાનું!! અમે ચાર બાજુ બે વિલાયતી મહેમાન બેઠેલા!! બોટમાં અંદર ફરી રહ્યા હતા અને ત્યાં જ એક નાની પોલીથીનની થેલી ઊડી રહી હતી! અમારી પાસેથી પસાર થઇ એમની પાસે ગઇ!! (અમે તો બસ આમ જ એને ઇગ્નેર કરી હતી!!) એમને ઉપાડી અને બેગમાં મૂકી દીધી!!!

ત્યારે તો કઇ બહુ સમજ નહોતી આવી નાની નાની ઘટના સમજવાની!!! (આપને ભારતીયો તો મોટો કહેવાઇ ને!!)

પ્રતિજ્ઞા કે જબરદસ્તીથી ક્યારેય કોઇ સુધારો ના આવે!!

કંઇક સ્પર્શવું જોઇએ!!

સાફ જીવનની હાર્દિક શુભેચ્છાઓ!!

એક કામ પણ પી.એમ. દફતરેથી ન થઇ શકે! જે કર્મચારીએ આ અભિયાનમાં ખરેખર જોડાવું હોય તેને અઠવાડિયામાં વધુ એક રજા આપી આ અભિયાનને એની ટોચ ઉપર લઇ જવું. તે માટે ઓફિસના કલાકો કરતાં વધુ કામ કરવાની તેની તૈયારી હોવી જરૂરી છે. જય હિંદ!